# RAJKOT CHAMBER OF COMMERCE & INDUSTRY




## ASSOCHAM તથા Jafza-DP World દ્વારા રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી અને રાજકોટ એન્જીનીયરીંગ એસોસએશનના સહયોગથી "UAE માં ટ્રેડ સંભાવનાઓ અને ભારત માર્ટ" ઉપર ઉચ્ચ સ્તરીય મિટીંગનું આયોજન કરવામાં આવેલ...

# RAJKOT CHAMBER OF COMMERCE & INDUSTRY

ASSOCHAM તથા Jafza-DP World દ્વારા રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી અને રાજકોટ એન્જીનીયરીંગ એસોસીએશનના સહયોગથી "UAE માં ટ્રેડ સંભાવનાઓ અને ભારત માર્ટ" ઉપર ઉચ્ચ સ્તરીય મિટીંગનું આયોજન કરવામાં આવેલ હતું. જેમાં રાજકોટ ચેમ્બરના પ્રમુખશ્રી વી.પી. વૈષ્ણવ, ઉપપ્રમુખ અને એસોચેમ MSME ગુજરાત કાઉન્સીલના ચેરમેનશ્રી પાર્થભાઈ ગણાત્રા, REA ના પ્રમુખશ્રી નરેન્દ્રભાઈ પાંચાણી અને ડીપી વલ્ડના શ્રી અમિત મિશ્રા ઉપસ્થિત રહયા હતા.

મિટીંગના પ્રારંભે રાજકોટ ચેમ્બરના ઉપપ્રમુખ અને એસોચેમ MSME ગુજરાત કાઉન્સીલના ચેરમેનશ્રી પાર્થભાઈ ગણાત્રાએ જણાવેલ કે, આવી પહેલ ભારતીય સાહસો માટે સરહદ પાર વેપાર અને રોકાણમાં નોંધપાત્ર વધારો કરશે. ભારત-યુએઈએ નોંધપાત્ર ટેરીફ છુટછાટો અને સુવ્યવ્યવસ્થિત વેપાર પ્રક્રિયા પ્રદાન કરે છે. જે અનુકુળ વાતાવરણ બનાવે છે. જાફઝાના વિશ્વ-સ્તરીય માળખાગત સુવિધાઓ અને વ્યહાત્મક સ્થાનનો ઉપયોગ કરીને, ભારતીય વ્યવસાયો ફકત યુએઈની સાથે જીસીસી, આફ્રિકા અને મધ્ય એશિયાના મુખ્ય પ્રાદેશીક બજારોમાં પણ કાર્યક્ષમ રીતે વિસ્તરણ કરી શકે છે.

ત્યારબાદ રાજકોટ ચેમ્બરના પ્રમુખશ્રી વી.પી. વૈષ્ણવએ જણાવ્યું કે, રાજકોટ ઉધોગકારો ખાસ કરીને SME ને UAE માં રહેલી તકો માટે ડીપી વર્લ્ડ અને જાફઝા દ્વારા ઓફર કરવામાં આવતા સુવ્યવસ્થીત વેપાર ચેનલો અને ખર્ચ-કાર્યક્ષમના ઉકેલોનો લાભ લેવાથી ઘણા ફાયદાઓ થઈ શકશે. જયારે REA પ્રમુખશ્રી નરેન્દ્રભાઈ પાંચાણીએ UAE આધારીત સંસ્થાઓ સાથે લાંબા ગાળાની ભાગીદારીને પ્રોત્સાહન આપવામાં વિપુલ સંભાવનો રહી છે. જે ભારતીય ઉધોગો માટે ખુબ જ યોગ્ય છે.

ત્યારબાદ ડીપી વર્લ્ડના શ્રી અમિત મિશ્રાએ ભારત અને યુએઈ વ્યાપાર આર્થિક ભાગીદારી કરાર (CEPA) દ્વિપક્ષીય વેપારમાં એક નવો ચેપ્ટર શરૂ કરે છે. ભારતીય વ્યવસ્યાયો, ખાસ કરીને SMEs એ જાફઝા અને દુબઈમાં ઉપલબ્ધ અપાર તકોનું સક્રિયપણે અન્વેષણ કરવું જોઈએ. તેમજ આ વ્યુહાત્મક શ્રૃંખલાઓ બનાવવા વિશે પણ છે. જાફઝા મધ્ય પુર્વમાં અગ્રણી લોજીસ્ટીક અને ઔધોગીક હબ તરીકે વિશિષ્ટ રીતે સ્થાન ધરાવે છે. જે અજોડ માળખાગત સુવિધાઓ, સરળ નિયમનકારી પ્રક્રિયાઓ અને સમગ્ર પ્રદેશમાં આશરે ૩.૫ અબજથી વધુ ગ્રાહકોને એકસેસ પ્રદાન કરે છે. ભારત માર્ટ એક નવી પહેલ, જે દુબઈમાં એક જથ્થાબંધ અને છુટક બજાર સ્પાપીત કરવાનો છે, જેનો હેતુ આફ્રિકા, મધ્ય પુર્વ અને યુરેશીયામાં વિતરણ માટે ભારતીય ઉત્પાદીત માલ પર ધ્યાન કેન્દ્રીત કરવાનો છે. આ પ્રોજેકટ ભારતના ઝડપથી વધી રહેલા ઉત્પાદન ક્ષેત્ર અને બિનઉપયોગી આંતરરાષ્ટ્રીય બજારો વચ્ચેના અંતરને દુર કરવાનો છે. તેમ તેઓ પ્રેઝનટેશન દ્વારા માહિતી આપેલ. તેમ રાજકોટ ચેમ્બરની અખબારી યાદીમાં જણાવેલ છે.